ક્રમાંક:જીઆઇડીસી/ઈએનજી/જા.આ./૧૦૦
જીઆઇડીસી, ગાંધીનગર
તા. ૧૩/૦૭/૨૦૧૭.

# પરિપત્ર

વિષય:- નિગમની ઔધોગિક વસાહતમાં આવેલ ઉધોગો ના લાભાર્થે કરવામાં આવતા પ્રોજેક્ટ અંતર્ગત કરવામાં આવતા મુડીખર્ચ ઉપરાંત વસુલ લેવામાં આવતા એજન્સી ચાર્જીસ (૧૭.૮૫%) ના દર બાબત.

સંદર્ભ:- નિગમની તા.૨૦/૦૬/૨૦૧૭ ના રોજ મળેલ ૪૯૬મી સભાના ઠરાવ ક્રમાંક : ૫૮/ઈજનેર/૪૯૬/૨૦૧૭

નિગમની તા.૨૦/૦૬/૨૦૧૭ ના રોજ મળેલ ૪૯૬ મી સભા માં જીઆઈડીસી દ્વારા ફાળવવામાં આવતી જમીનોની કિંમતમાં સમાવિષ્ટ ન હોય તેવા પ્રોજેક્ટો, કે જે હવે પછી નિગમ દ્વારા હાથ ધરવાના થાય તેવા પ્રોજેક્ટો અંગે થનાર મુડી ખર્ચ ઉપરાંત તેની ઉપર લેવામાં આવતા એજન્સી ચાર્જીસ (૧૭.૮૫%) ના દરની સમીક્ષા નિયામક મંડળ દ્વારા કરવામાં આવી અને નીચે મુજબ પ્રોજેક્ટ કોસ્ટ આધારીત એજન્સી ચાર્જીસ વસુલ કરવાનું ઠરાવેલ છે.

આમ લાભાર્થી એકમો પાસેથી પ્રોજેક્ટો અંતર્ગત થનાર મુડી ખર્ચ ઉપરાંત પ્રોજેક્ટ કોસ્ટ;

( ૧) ૦ થી ૧૦ કરોડ સુધી ના એજન્સી ચાર્જ ૧૦.૦૦ % ( રૂ. ૧.૦૦ કરોડ સુધી ) ,

(૨) ૧૦ કરોડથી વધારે અને ૫૦ કરોડ સુધી ૭.૫૦ % (રૂ. ૧.૦૦ કરોડ + રૂ. ૧૦.૦૦ કરોડ થી ઉપર જે ખર્ચ થાય તેના ૭.૫૦ %) અને

(૩) ૫૦ કરોડથી વધુ માટે ૫.૦૦ % એજન્સી ચાર્જ લેવાનુ અને તેની વસુલાત નિગમની નિતિ મુજબ કરવાનુ ઠરાવવામા આવે છે. ( રૂ. ૪.૦૦ કરોડ + રૂ. ૫૦.૦૦ કરોડ થી વધુ જે ખર્ચ થાય તેના ૫.૦૦% મુજબ)

(૪) સરિગામ સીઈટીપી પ્રોજેક્ટ માટે ઉપરોક્ત (૧) થી (૩) મુજબનો નિર્ણય લાગુ પડશે. જયારે હવે પછી આવનાર પ્રોજેક્ટો ( કે જે જીઆઈડીસી દ્વારા ફાળવવામાં આવતી જમીનની વિતરણ કિંમતમાં સમાવિષ્ટ ના હોય) માટે ઉપરોક્ત (૧) થી (૩) મુજબનો નિર્ણય લાગુ પડશે.

(પાછળ જુઓ)